પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૫૦ | ૩ માર્ચ, ૨૦૧૭, શુક્રવાર ; ફાગણ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# યુપીમાં સાતમા કોઠાના જંગ માટે પ્રચાર દંગલ

**આવતીકાલે નરેન્દ્ર મોદી, માયાવતી, રાહુલ, અખિલેશ વારાણસીમાં સભાઓ ગજવશે : ઝંઝાવતી ચૂંટણી પ્રચાર કરવા માટે તમામ શક્તિશાળી નેતા તૈયાર : તમામ દિગ્ગજ નેતાની એક જગ્યા પર હાજરીથી રાજકીય દંગલ જોવા મળશે**



વારાણસી,તા. ૨

ઉત્તરપ્રદેશમાં ચોથી માર્ચના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી, ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન અખિલેશ યાદવ અને પૂર્વ મુખ્યપ્રધાન માયાવતી એક જ વિસ્તારમાં જોવા મળશે. તેમના ઝંઝાવતી ચૂંટણી પ્રચારના કાર્યક્રમને લઈને પુરતી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. ચૂંટણીના અંતિમ તબક્કામાં વારાણસીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે તમામ શક્તિશાળી લોકો પ્રચાર કરનાર છે. ચોથી માર્ચના દિવસે યુપીમાં રાજકીય દંગલની સ્થિતી રહેશે. મોદીના સંસદીય વિસ્તારમાં પહેલાથી જોરદાર રાજકીય ગરમી છે. વડાપ્રધાન ચોથી માર્ચના દિવસે બાબતપુર વિમાનીમથક પર પહોંચ્યા બાદ જોનપુરમાં ચૂંટણી રેલીને સંબોધન કરનાર છે. ત્યાંથખી પરત ફરીને વારાણસી હિન્દુ યુનિવર્સિટી પહોંચશે. ત્યાંથી સાંજે વારાણસી વિશ્વનાથ મંદિરમાં જશે. તમામના ભરચક કાર્યક્રમ રહેશે. ઉત્તરપ્રદેશમાં પાંચમાં તબક્કામાં શાંતિપૂર્ણ રીતે ૫૭.૩૬ ટકા મતદાન થયું હતું. અપેક્ષા કરતા ઓછું મતદાન પાંચમા તબક્કામાં નોંધાયું હતું. કુલ ૧.૮૪ કરોડ મતદારો પૈકી ૫૭.૩૬ ટકાથી

● અનુસંધાન પાન-૫ પર

## ન્યુઝ ટ્રેક

### ચૂંટણી સભાઓમાં ગેસ સિલિન્ડર ચર્ચામાં



ઉત્તરપ્રદેશના છઠ્ઠા તબક્કાના મતદાન પૂર્વે પ્રચારમાં તમામ પ્રચાર રેલીઓમાં ગેસ સિલિન્ડરના ભાવ વધારાનો મુદ્દો છવાયો હતો. અખિલેશ યાદવ, ડિમ્પલ યાદવ અને માયાવતીએ ભાવ વધારા મામલે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.

### ડિમ્પલ ભાભીનો ભોજપુરી અંદાજ



અખિલેશ યાદવના પત્નિ ડિમ્પલ યાદવ ભોજપુરી અંદાજમાં ચૂંટણી સભાઓને સંબોધતા આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. પ્રધાનમંત્રી અને ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમીત શાહ સામે મહારાજગંજમાં તેમની જ શૈલીમાં આક્ષેપોની ઝડી વર્ષાવી હતી.

### થાણેમાં ૨.૨૬ કરોડની જુની નોટો જપ્ત



મહારાષ્ટ્રના થાણેમાં ક્રાઈમ બ્રાન્ચે જુની ચલણી નોટોને નવી નોટોમાં બદલી આપતી ટોળકી ઝડપી લીધી હતી. એમની પાસેથી ૨.૨૬ કરોડની જુની ૫૦૦-૧૦૦૦ની નોટો જપ્ત કરાઈ છે.

### આલીયા ભટ્ટને હત્યાની ધમકી



મહેશ ભટ્ટે મુંબઈ પોલીસ સમક્ષ ફરિયાદ કરી હતી કે કોઈ અજાણ્યા નંબર પરથી તેમની પાસે ૫૦ લાખની ખંડણી માંગવામાં આવી હતી. જો આ માંગ પુર્ણ નહી કરે તો તેમની પુત્રી આલીયા ભટ્ટની હત્યા કરી દેવામાં આવશે. પોલીસે આલીયાની સલામતીમાં વધારો કરી લખનઉના સંદીપ સાહુની ધરપકડ કરી છે.

# અમિતાભ બચ્ચનનું અનોખું વસિયતનામું

**અભિષેક અને શ્વેતાને એકસમાન હિસ્સો મળશે : ઝેન્ડર ઈક્વાલિટીની તરફેણ કરી નવો દાખલો બેસાડ્યો : નિધન બાદ પુત્ર અને પુત્રીને બરાબરનો હિસ્સો મળશે**



મુંબઈ,તા. ૨

બોલિવુડના સુપર સ્ટાર અમિતાભ બચ્ચને ફરી એકવાર જાતિ સમાનતાને લઈને તરફેણ કરી છે. અમિતાભ બચ્ચને સોશિયલ મીડિયા અને સોશિયલ સાઈટ પર આ સંદર્ભમાં પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી છે. સમગ્ર દુનિયાની સામે અમિતાભ બચ્ચને પોતાની વસિયત રજુ કરી દીધી છે. અમિતાભ બચ્ચને ટ્વીટરની મદદ લઈને પુત્ર અને પુત્રી વચ્ચે અંતરને ખતમ કરવાની જોરદાર તરફેણ કરી છે. અમિતાભે આની સાથે જ પોતાનું વસિયતનામું પણ દુનિયાની સામે રજુ કર્યું છે. અમિતાભ બચ્ચને પોતાના સંદેશમાં લખ્યું છે કે તેમના અવસાન બાદ તેમની જે કંઈપણ સંપત્તિ રહેશે તે સંપત્તિ પુત્ર અને પુત્રી વચ્ચે વિભાજિત કરી દેવામાં આવે. અમિતાભ બચ્ચનના બે સંતાનો છે. જેમાં પુત્ર અભિષેક બચ્ચન અને પુત્રી શ્વેતા

● અનુસંધાન પાન-૭ પર

# આધારકાર્ડ વિના ટ્રેન ટિકિટનું ઓનલાઈન બુકીંગ નહીં

**છેતરપિંડી અને બલ્ક ટિકિટ બુકીંગ પર અંકુશ મુકવાનો મુખ્ય હેતુ : રેલવે મંત્રી સુરેશ પ્રભુ દ્વારા ૨૦૧૭-૧૮ માટે રેલવેના નવા બિઝનેસ પ્લાનની જાહેરાત કરી : કેસલેશ ટિકિટિંગ સિસ્ટમને પ્રોત્સાહન આપવા માટેનો નિર્ણય**



નવી દિલ્હી,તા. ૨

રેલવે ટિકિટ બુકીંગમકાં થતી છેતરપિંડી અને બલ્ક ટિકિટ બુકીંગ ઉપર અંકુશ મુકવાના હેતુસર રેલવેએ ટૂંક સમયમાં જ આધારકાર્ડ આધારીત ઓનલાઈન ટિકિટ બુકીંગ સિસ્ટમને અમલી કરનાર છે. આ સિસ્ટમ અમલી બની ગયા બાદ આધાર કાર્ડના નંબર વિના ઓનલાઈન ટિકિટ બુક થઈ શકશે નહીં. આધારને ટ્રેન ટિકિટ ઓનલાઈન બુક કરાવવા માટે ફરજિયાત બનાવી દેવામાં આવશે. આધારકાર્ડ વગર ઓનલાઈન ટિકિટ બુક નહીં થવાની સ્થિતિમાં છેતરપિંડીને રોકી શકાશે. સાથે સાથે બલ્ક ટિકિટના બુકીંગ પણ થઈ શકશે નહીં. રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ આજે નવા બિઝનેસ પ્લાન વર્ષ ૨૦૧૭-૧૮ની જાહેરાત કરી હતી. નવા બિઝનેસ પ્લાનમાં જણાવવામાં

● અનુસંધાન પાન-૫ પર

# દેશમાં ઈન્ટરનેટ શહેરી યુઝર્સની સંખ્યા ૨૮ કરોડ પહોંચશે

**ગ્રામીણ યુઝરની સંખ્યા જૂન ૨૦૧૭ સુધીમાં ૧૭-૧૮ કરોડ રહેવાની શક્યતા : ઈન્ટરનેટના ઉપયોગમાં ઘટાડો**

નવી દિલ્હી,તા. ૨

ભારતના ઈન્ટરનેટના ઉપયોગમાં ઘટાડો થયા હોવાના અહેવાલ આવ્યા છે. વર્તમાન સમયમાં ઈન્ટરનેટ દરરોજની લાઈફ માટે એક હિસ્સો બની ચુક્યો છે ત્યારે નવા રિપોર્ટ ચોંકાવનારા છે. આઈએએમએઆઈ અને કન્ટર આઈએમઆરબીના એક સંયુક્ત રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં ઈન્ટરનેટનો ઉપયોગ હવે ઘટી રહ્યો છે. અમારી વસ્તીના એક મોટા હિસ્સા સુધી હજુ પણ ઈન્ટરનેટ નેટવર્ક પહોંચી રહ્યું નથી. ઈન્ટરનેટનું નેટવર્ક ઓછુ થવાના કારણ છે કે તેના ફાયદાના સંદર્ભમાં લોકો સુધી યોગ્ય માહિતી પહોંચી રહી નથી. રિપોર્ટમાં કહેવા મુજબ ૨૦૧૬૭ના અંત સુધી ભારતમાં આશરે ૪૩ કરોડ લોકો ઈન્ટરનેટનો ઉપયોગ કરી રહ્યા હતા. તે વખત સુધી ઈન્ટરનેટનું નેટવર્કનો આંકડો ૩૨ ટકાનો હતો. રોકચક બાબત એ છે કે આના પર નોટબંધીની અસર પણ જોવા મળી રહી નથી. આમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે આ વર્ષે જૂન સુધી ભારતમાં ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા ૪૫-૪૬ કરોડ સુધી પહોંચી જશે. રિપોર્ટથી ઓકટોબર ૨૦૧૫થી ઓકટોબર ૨૦૧૬ના અભ્યાસથી માહિતી મેળવી શકાય છે કે શહેરી વસ્તીમાં ઈન્ટરનેટ યુઝર અને ઉપયોગમાં સાત ટકાનો વધારો થયો છે. જ્યારે ગ્રામીણ વસ્તીમાં આ આંકડો ત્રણ ગણો રહ્યો છે. જૂન ૨૦૧૭ સુધી ઈન્ટરનેટના શહેરી યુઝરની સંખ્યા ૨૭-૨૮ કરોડ સુધી પહોંચવાની શક્યતા છે.

# દુધ પુરવઠાને રોકવા હરિયાણા જાટ નેતાઓની ફરીવાર ધમકી

**હોળી બાદ જાટ આંદોલનને વધુ તીવ્ર બનાવાશે : માંગણી પુરી નહીં થાય તો દિલ્હી તરફ દોરી જતા માર્ગો ઉપર નાકાબંધી કરાશે**

નવી દિલ્હી,તા. ૨

હરિયાણા જાટ નેતાઓએ ધમકી આપતા કહ્યું છે કે જો તેમની માંગણીને સ્વીકારવામાં આવશે નહીં તો ૨૦મી માર્ચના દિવસે દિલ્હી તરફ જતા રસ્તાઓ ઉપર નાકાબંધી કરવામાં આવશે. દુધના પુરવઠાને રોકી દેવાના પ્રયાસ કરવામાં આવશે. હરિયાણા જાટ નેતાઓએ અનામતને લઈનો લડતનો ફરી આગળ વધારવાનો સંકેત આપી દીધો છે. જાટ નેતાઓએ ધમકી આપી છે કે જો તેમની માંગણી પુરી નહીં થાય તો દુધ સહિત જીવન જરૂરી ચીજવસ્તુઓના પુરવઠાને રોકવા માટેના પ્રયાસ કરવામાં આવશે. મીડિયા રિપોર્ટમાં જણાવવવામાં આવ્યું છે કે શિક્ષણ અને નોકરીમાં અનામતની માંગ કરી રહેલા જાટ લોકોએ ધમકી આપી છે કે હોળી બાદ તેમના આંદોલનને વધુ તીવ્ર બનાવવામાં આવશે. ઓલ ઈન્ડિયા જાટ આરક્ષણ સંઘર્ષ સમિતિના પ્રમુખ યશપાલ મલિકે કહ્યું છે કે ૫૦ લાખ જાટ લોક ૨૦મી માર્ચના દિવસે દિલ્હી પરત ફરશે અને દેખાવને તીવ્ર બનાવવા માટે ટ્રેકટર અને પશુઓ સાથે તેઓ પહોંચશે. તેમણે એમ પણ કહ્યું હતું કે અમે અમારા પાણી અને વીજળીના બિલ પણ ભરીશું નહીં. અમે ટોકન દેખાવને પાળવા માટે એક દિવસ માટે દુધના પુરવઠાને પણ રોકવાના પ્રયાસ કરીશું. દુધ ઉપલબ્ધ કરાવવામાં આવશે નહીં. બીજી બાજુ હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરે જાટ ક્વોટા વિવાદને ઉકેલવા માટે એક પેનલની રચના કરવા માટેની ઓફર કરી છે.




# અસહિષ્ણુ ભારતીય માટે કોઈ જગ્યા નથી : રાષ્ટ્રપતિ

**દેશમાં અગ્રણી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં યોગ્ય ચર્ચા થવી જોઈએ : દરેક ભારતીયને વાણી સ્વતંત્રતા અધિકાર**

નવી દિલ્હી, તા. ૨

દિલ્હી યુનિવર્સિટીના રામજસ કોલેજમાં હિંસક અથડામણોના અનુસંધાનમાં વાણી સ્વતંત્રતાના મુદ્દે છેડાઈ ગયેલી ચર્ચા વચ્ચે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ આજે કહ્યું હતું કે અસહિષ્ણુ ભારતીયો માટે ભારતમાં કોઈ જગ્યા નથી. રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે ટીકા ટિપ્પણી અને અસંતોષને યોગ્ય રીતે રજુ કરવાની જરૂર હોય છે પરંતુ હિંસક અથડામણોને કોઈ જગ્યા નથી. રાષ્ટ્રપતિએ આજે કોચીમાં ઈન્ડિયા એટરેટ૭૦ વિષય ઉપર કેએસ રાજામોની મેમોરીયલ લેકચર આપતા કહ્યું હતું કે યુનિવર્સિટીમાં રહેલા લોકોએ તમામ મુદ્દા ઉપર ચર્ચા કરવી જોઈએ. અંધાધૂંધીની સંસ્કૃતિના પ્રચાર કરવાના બદલે વાજબી અને અર્થપૂર્ણ ચર્ચા થવી જોઈએ. હિંસક અથડામણોમાં બુદ્ધિજીવી લોકો સામેલ થાય તે બાબત યોગ્ય નથી.

# ગોરખપુરમાં અમિત શાહના રોડ-શોમાં ભારે ભીડ જામી

**યોગી આદિત્યનાથ પણ અમિત શાહ સાથે દેખાયા : ભાજપાના રોડ શોને છઠ્ઠા તબક્કામાં ચોથી માર્ચના દિવસે મતદાન પૂર્વે જોરદાર પ્રતિસાદ**

વારાણસી,તા. ૨



ઉત્તરપ્રદેશના ગોરખપુરમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આજે રોડ શોનું આયોજન કર્યું હતું. આ રોડ શોમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. આ રોડ શો દરમિયાન લોકો અને કાર્યકરોની ભારે ભીડ એકત્ર થઈ હતી. આ રોડ શોમાં પૂર્વાંચલના ભાજપના મોટા નેતા યોગી આદિત્યનાથ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ રોડ શો છ કિલોમીટર સુધીના વિસ્તારમાં આવરી લેવામાં આવ્યો હતો. સાથે સાથે આ રોડ શો મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારોમાંથી પણ પસાર થયો હતો. રોડ શો દરમ્યાન અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. કોઈપણ અનિચ્છનિય બનાવ ન બને તે માટે તમામ સંભવિત પગલાં લેવામાં આવ્યા હતા. અમિત શાહના રોડ શોમાં હજારોની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

